રાજાએ એક ભક્તને પૂછ્યું - હું તને ક્યારે યાદ આવું છું? ભક્ત કહે - જ્યારે ઇશ્વર પરથી મારો વિશ્વાસ ડગી જાય ત્યારે
- શેખ સાદી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૮૬ | ૨૬ ડિસેમ્બર, ૨૦૧૨, બુધવાર; માગશર સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ભાજપ વિધાનસભા પક્ષના નેતા પદે નરેન્દ્ર મોદી

### વજુભાઈ વાળાએ નરેન્દ્ર મોદીના નામની દરખાસ્ત કરી : ચાર ધારાસભ્યો સહિત તમામ ધારાસભ્યોએ ટેકો આપી સર્વાનુમતે વરણી કરી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર ખાતે આજે ભાજપ વિધાનસભા પક્ષની મળેલી બેઠકમાં નરેન્દ્ર મોદીને સર્વાનુમતે પક્ષના નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. નરેન્દ્ર મોદી આવતીકાલે ચોથીવાર મુખ્યમંત્રી તરીકેના શપથ ગ્રહણ કરશે.

ગુજરાત વિધાનસભાની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ૧૧૫ બેઠકો પર વિજય મેળવીને ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવીને ગુજરાતની ગાદી કબજે કરી છે. આ ચૂંટણીમાં નરેન્દ્ર મોદીએ વિજય મેળવીને હેટ્રીક મારી છે.

વિધાનસભા ચૂંટણીમાં વિજય મેળવ્યા બાદ આજે ગાંધીનગર વિધાનસભા પક્ષના નેતાની ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરી હતી. અને નામ આપવાનું સૂચવતાં ભાજપના સિનીયર ધારાસભ્ય અને પૂર્વ નાણાંમંત્રી વજુભાઈ વાળાએ ભાજપ વિધાનસભા પક્ષના નેતા તરીકે નરેન્દ્ર મોદીના નામની દરખાસ્ત કરી હતી.

વજુભાઈ વાળાએ રજૂ કરેલ દરખાસ્તને ઈડરના ધારાસભ્ય રમણભાઈ વોરા, ગણદેવીના ધારાસભ્ય મંગુભાઈ પટેલ, મહુવાના ધારાસભ્ય ભાવનાબેન અને ઠક્કરબાપાનગરના ધારાસભ્ય

● અનુસંધાન પાન-૭ પર







ટાઉનહૉલ ખાતે ભાજપ વિધાનસભા પક્ષની બેઠક મળી હતી. જેમાં વિધાનસભા પક્ષના નેતાની પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

રાજ્યસભાના વિપક્ષના નેતા અને ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અરૂણ જેટલીએ આજે ભાજપ



## નરેન્દ્ર મોદી કાર્યકરોની પીઠ થાબડે છે

### નેતાપદે વરણી બાદ કાર્યકરોની લાગણીનું ધ્યાન રાખવા ધારાસભ્યોને ટકોર કરતાં નરેન્દ્ર મોદી

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતમાં ભાજપનો વિજય બે કાર્યકર્તાની મહેનતને આભારી હોવાથી ખરા યશના હક્કદાર એ કાર્યકરો છે જેમની મહેનત આ રંગ લાવી છે તેમ ભાજપ વિધાનસભા પક્ષના નેતા પદે વરાયા બાદ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું.

તેમણે ચૂંટાઈ આવેલા ધારાસભ્યોને જણાવ્યું હતું કે આ કાર્યકર્તાઓની લાગણીનું ધ્યાન રાખજો ને રજૂઆત કરવા આવે તો સાંભળજો.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે આ કાર્યકર્તાઓની મહેનતને કારણે કમળ પર કોઈને પંજો પડ્યો નથી કે કમળ મુરઝાયું નથી. કમળ ખીલી જ રહ્યું છે. મોદીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ભાજપ એક વિચારધારાને લઈચાલ્યો છે અને સમર્પિત કાર્યકરના કારણે જેણે પણ આ વિચારધારા સાથે સંબંધ બાંધ્યો તે હંમેશા આપણો બન્યો છે.

મુખ્યમંત્રી મોદીએ જણાવ્યું હતું કે ચૂંટણી જંગમાં જે નવી શક્તિઓ મળી છે તેનાથી આપણારાજ્યની વિકાસ કૂચને વધુ વેગીલી બનાવવાની જવાબદારી છે. ગાંધી બાપુ પણ સત્યાગ્રહ દરમ્યાન

● અનુસંધાન પાન-૭ પર

# આજે નરેન્દ્ર મોદીનો રાજ્યાભિષેક

### આજે સવારે સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે ભવ્ય કાર્યક્રમ : શપથવિધિ કાર્યક્રમને ઐતિહાસિક અને સફળ બનાવી દેવા તંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરી લેવાઈ : છ મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે : લાખો લોકો પહોંચશે

અમદાવાદ,તા. ૨૫

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીની આવતીકાલે થનારી તાજપોશીને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. શપથવિધિને ઐતિહાસિક અને સફળ બનાવવા તંત્ર દ્વારા તમામ પગલાં લેવામાં આવી ચૂક્યા છે. ઘણા રાજ્યના મુખ્યમંત્રી પણ શપથવિધિમાં ઉપસ્થિત રહેનાર છે જેથી આ કાર્યક્રમને ફળદાયી બનાવવા માટે તંત્ર છેલ્લા ઘણા દિવસથી વ્યસ્ત છે. મળેલી માહિતી મુજબ એનડીએ શાસિત રાજ્યોના તમામ મુખ્યમંત્રી શપથવિધિમાં હાજરી આપનાર છે. આવતીકાલે સવારે અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે સવારે શપથવિધિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૧.૦૦ વાગે આની શરૂઆત થશે. જે રાજ્યોના મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહેવા માટે ખાતરી આપી ચૂક્યા છે તેમાં છતીસગઢના મુખ્યમંત્રી રમણસિંહ, ઝારખંડના મુખ્યમંત્રી અર્જુન મુંડા, પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદર, ગોવાના મુખ્યમંત્રી મનોહર પારેકર, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, કર્ણાટકના મુખ્યમંત્રી જગદીશ સેટ્ટર, તમિલનાડુના મુખ્યમંત્રી જયલલિતા હાજરી આપનાર છે. આ ઉપરાંત ભાજપના વરિષ્ઠ નેતાઓ પણ હાજરી આપવા માટે તૈયારી દર્શાવી ચૂક્યા છે જેમાં લાલકૃષ્ણ અડવાણી, સુષ્મા સ્વરાજ, અરુણ જેટલી, મોરલીમનોહર જોશી, વસુંદરા રાજે સિંધિયા, રાજનાથ સિંઘ, નવજોત સિંધુ, હેમા માલિનીનો સમાવેશ થાય છે. બોલિવૂડના અભિનેતા અમિતાભ બચ્ચન, અજય દેવગન અને વિવેક ઓબેરોયને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. મોદી સાથે હમેશા ખેંચતાણ ધરાવતા બિહારના મુખ્યમંત્રી નિતીશ કુમાર આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે નહીં. ઓરિસ્સાના બિજુ પટનાયકને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે પરંતુ તેમના તરફથી હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી. ૧૫ મિનિટથી વધુના કાર્યક્રમના સાક્ષી બનવા માટે લાખો લોકો ઉમટી પડે તેવી શક્યતા છે. શપથગ્રહણ સમારોહને લઈને અંતિમ તૈયારીઓ કરી લેવામાં આવી છે. સ્ટેડિયમ તરફ દોરી જતાં તમામ રસ્તાઓને વધુ વ્યવસ્થિત અને સ્વચ્છ બનાવી દેવામાં આવ્યા છે. રસ્તાઓ ઉપર કલર કામ પણ કરવામાં આવ્યું છે. હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં મોદીએ શાનદાર હેટ્રીક નોંધાવી છે. આવતીકાલે મોદી એકલા જ મુખ્યમંત્રી તરીકે હોદ્દા અને ગુપ્તતાના શપથ લેશે. ૨૦૦૭ની જેમ જ મંત્રીમંડળની રચના મોડેથી કરવામાં આવશે.

### કોણ કોણ હાજર રહેશે

**મુખ્યમંત્રી**

- રમણસિંહ (છત્તીસગઢ)
- અર્જુન મુંડા (ઝારખંડ)
- પ્રકાશસિંહ બાદલ (પંજાબ)
- મનોહર પારિકર (ગોવા)
- શિવરાજસિંહ (મધ્ય પ્રદેશ)
- જગદીશ સેટ્ટર (કર્ણાટક)
- જયલલિતા (તમિલનાડુ)

**ભાજપના વરિષ્ઠ નેતા**

- લાલકૃષ્ણ અડવાણી
- સુષ્મા સ્વરાજ
- અરુણ જેટલી
- મુરલી મનોહર જોશી
- વસુંધરા રાજે સિંધિયા
- રાજનાથ સિંઘ
- નવજોત સિંધુ

કાલીચંડી જ્યોતિષ
9925384314

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
મો ૯૭૧૪૧૯૮૩૬૬




